**અનુસૂચિત જનજાતિઓની કન્યાઓના લગ્ન પ્રસંગની કુંવરબાઇનું મામેરૂં અને સાતફેરા સમૂહ લગ્ન યોજના બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: કમય/૧૦૨૦૨૦/૫૫/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૨/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦/૨૦૧૧/૭૭૩૦૩૫/ગ, તા.૧૬/૦૬/૨૦૧૨

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ/ ૧૦૨૦૧૩/ ૮૨૫૬૧૪/ગ, તા૦૭/૦૮/૨૦૧૪

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧, તા.૦૭/૦૮/૨૦૧૪

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ /૧૦/૨૦૧૫/ ૫૭૫૩૦૬/ગ, તા.૨૪/૧૦/૨૦૧૬

(૫) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૫૨૦૧૧/૯૮/ગ, તા.૨૪/૧૦/૨૦૧૭

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૦૨૦૧૮/ ૨૭૮૯૧૧/અ.૧, તા.૨૭/૦૭/૨૦૧૮

(૭) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંકઃ આવિ/અગન/મામેરૂ/૨૦૧૯-૨૦/૨૯, તા.૧૭/૦૧/૨૦૨૦

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અનુસૂચિત જાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની યોજના અંગેની જોગવાઇ મુજબ અનુસૂચિત જનજાતિના કુટુંબની કન્યાઓના લગ્ન પ્રસંગે "કુંવરબાઇનું મામેરું" અને "સાતફેરા સમૂહ લગ્ન" ની યોજનાઓ અમલમાં મુકાયેલ છે.

૨. અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના જનસમૂહ કરતાં અનુસૂચિત જનજાતિની ભૌગોલિક સ્થિતિ અને સામાજિક રીત રિવાજો તદ્દન ભિન્ન હોઇ અનુસૂચિત જાતિ વગેરેની યોજનાની શરતો/ જોગવાઇઓનો અક્ષરશઃ અમલ અનુસૂચિત જનજાતિની યોજનાઓમાં કરવાથી લાભાર્થી કલ્યાણકારી યોજનાઓનો લાભ લઇ શકતા નથી. જેમે કે વર-વધૂના જન્મ તારીખના પુરાવા માટે તબીબી પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તથા લગ્ન નોંધણી પ્રમાણપત્ર જ માન્ય છે પરંતુ અનુસૂચિત જાતિના કેટલાક લોકો સૌરાષ્ટ, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ખેત મજૂર કે ખેત ભાગીયા તરીકે જોડાયેલ છે, તથા શહેરોમાં બાંધકામના મજૂર તરીકે જોડાયેલ હોય છે તેઓના બાળકો

સ્કૂલે ન ગયા હોય તે સંભવિત હોઇ કે અન્ય કારણે તેઓ પાસે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/ જન્મ નોંધણી પ્રમાણપત્ર ન હોવાથી યોજનાનો લાભ લઇ શકતા નથી.

ક્ષેત્રિય સ્થળોએ યોજનાઓના અમલીકરણ સમયે ધ્યાનમાં આવેલ કેટલીક અડચણો ટાળવા કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ પણ ઉપર વંચાણે લીધેલ તેઓના તા.૧૭/૦૧/૨૦૨૦ના પત્રથી સરકારને દરખાસ્ત કરેલ છે.

આમ, અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ તેઓ માટેની કલ્યાણકારી યોજનાનો બહોળા પ્રમાણમાં લાભ લઇ શકે તે માટે અનુસૂચિત જનજાતિના લોકોની અનુકૂળતા માટે અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે "કુંવરબાઇનું મામેરું" અને "સાતફેરા સમૂહ લગ્ન" ની યોજનાની કેટલીક અલાયાદી જોગવાઇઓ ઘડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જનજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગની "કુંવરબાઇનું મામેરું" અને "સાતફેરા સમૂહ લગ્ન" ની જોગવાઇઓ આ મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) <u>આવક મર્યાદા:-</u>

વંચાણ (૫) ઉપર લીધેલ તા.૨૪/૧૦/૨૦૧૭ના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી નિયત થયા મુજબ લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- રહેશે. **(આવકનું પ્રમાણપત્ર પરિશિષ્ટ-૧)**

(૨) <u>સહાયની રકમ:-</u>

અનુસૂચિત જનજાતિના કુટુંબની કન્યાના લગ્ન પ્રસંગે લાભાર્થી કન્યાને "કુંવરબાઇનું મામેરું" યોજના હેઠળ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) અને જો આ લગ્ન યોજનાની શરતો અનુસાર સમૂહ લગ્નનું આયોજન થયેલ હોય તો "સાતફેરા સમૂહ લગ્ન યોજના" હેઠળ બીજા રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) કન્યાને ચેકથી ચૂકવવાના રહેશે.

સમૂહ લગ્ન આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ.૨,૦૦૦/- (અંકે બે હજાર પૂરા) ચૂકવાશે પરંતુ તે વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની મર્યાદામાં રહેશે. આયોજક સંસ્થાએ યોજનાની શરતો પાળવાની તથા યુગલે સમૂહ લગ્નમાં ભાગ લીધાનું લખાણ આપવાનું રહેશે.

(3) <u>લાભ મેળવવાનો જિલ્લો:-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ (૬) ઉપર લીધેલ તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ અનુસાર- "કુંવરબાઇનું મામેરૂં" અને "સાતફેરા સમૂહ લગ્ન" બંને યોજનાનો લાભ લેનાર લાભાર્થી માટે રહેઠાણનો જિલ્લો અને સમૂહલગ્નના સ્થળનો જિલ્લો અલગ હોય તો સમૂહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જિલ્લામાં બંને યોજનાની સહાય એકી સાથે ચુકવવાની રહેશે. લાભાર્થી "કુંવરબાઇનું મામેરૂં" અને "સાતફેરા સમૂહ લગ્ન" બંને યોજનાનો લાભ મેળવી શકે છે.

(૪) બેવડુ ચૂકવણું ન થાય તે માટે સમૂહલગ્ન થયા હોય તે જિલ્લાના સહાય ચૂકવનાર સંબંધિત અધિકારી કન્યાના રહેઠાણના સંબંધિત જિલ્લાધિકારીને જાણ કરવાની રહેશે. ઉપરાંત કન્યાના પિતા/વાલીએ 'કુંવરબાઇના મામેરા' ની યોજનાનો પોતાના/ અન્ય જિલ્લામાંથી લાભ મેળવશે નથી/ કે લીધેલ નથી તેની બાંહેધરી આપવાની રહેશે.

(૫) આ યોજનાનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના લાભાર્થી જ મેળવી શકશે.

(૬) કુટુંબદીઠ વધુમાં વધુ બે પુખ્તવયની કન્યાઓના લગ્ન પ્રસંગે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૭) પુન:લગ્નના કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

(૮) લગ્ન કરનાર કન્યાના અને યુવકના ઉંમરના પુરાવા ફરજીયાત રહેશે. ઉંમરના પુરાવા તરીકે- શાળા છોડ્યાનું પ્રામણપત્ર/તબીબી પ્રમાણપત્ર/ ચૂંટણી કાર્ડ/આધારકાર્ડ/ડ્રાઇવીંગ લાયસન્સ/જન્મ નોંધણી પ્રમાણપત્ર જેવા સરકાર માન્ય પુરાવા પૈકી કોઇ એક જરૂરી રહેશે.

(૯) લગ્ન કરનાર કન્યાનું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ અનુસૂચિત જનજાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે.

(૧૦) બિન આદિજાતિ વ્યક્તિ ખોટી રીતે અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર રજૂ કરી યોજનાનો લાભ મેળવશે તો લાભાર્થી તથા ખોટુ પ્રમાણપત્ર આપનાર અધિકારી બંને શિક્ષાનેપાત્ર ઠરશે.

(૧૧) આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણી પ્રમાણપત્ર ફરજીયાત રજૂ કરવાનું રહેશે.

(૧૨) લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજૂ કરવાની રહેશે.

(૧૩) આ લાભાર્થીએ નિયત અરજીપત્રક ભરીને જરૂરી વિગતો આધાર પુરાવા સાથે રજૂ કરવાનું રહેશે.

(૧૪) યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા લાભાર્થીએ લગ્ન કર્યાના બે વર્ષની અંદર અરજી કરવાની રહેશે.

(૧૫) કન્યાના પિતા/વાલીએ તેમની પુત્રી/ પાલ્યાના લગ્ન થયાનું એકરારનામું આપવાનું રહેશે. **(પરિશિષ્ટ-૨)**

(૧૬) વર અને કન્યાએ ગુજરાત સરકારની સંતતિ નિયમન અંગેની નીતિનું પાલન કરશે તેવું સંયુક્ત એકરારનામું આપવાનું રહેશે. **(પરિશિષ્ટ-૩)**

(૧૭) વાલીએ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૮) સક્ષમ અધિકારી/ કર્મચારીએ અરજી મંજૂર કરતા અરજીની વિગતો જાતે સ્થળ ચકાસણી કરી હોવાનો અભિપ્રાય આપવાનો રહેશે. **(પરિશિષ્ટ-૪)**

(૧૯) કન્યાના વાલી/પિતાએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ ન હોવા બાંહેધરી પ્રમાણપત્ર આપવાનું રહેશે. **(પરિશિષ્ટ-૫)**

૨. આ યોજનાનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૩ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૮૦૦-અન્યને જનરલ સહાયક અનુદાન પેટા સદર (૦૭) વીકેવાય ૩૪ કુંવરબાઇનુ મામેરૂ અને સાત ફેરા સમુહલગ્નમાં નાણાકીય સહાય હેઠળ તથા માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર- (૭૨) વીકેવાય ૩૪ કુંવરબાઇનુ મામેરૂ અને સાત ફેરા સમુહલગ્નમાં નાણાકીય સહાય હેઠળ સદરે ઉધારવાનો રહેશે.

આ હુકમની આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર મૂકવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આર. ડોડીયા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રશ્રી અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ.) (કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી મારફતે)
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી મારફતે)
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે)
- વિભાગના તમામ અધિકારીશ્રીઓ,
- વિભાગ હેઠળના તમામ ખાતાવડા/ બોર્ડ/ એજન્સી/સંસ્થાઓની કચેરીઓ.
- સર્વે શાખાઓ
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.

# પરિશિષ્ટ-૧

**(આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: કમચ/૧૦૨૦૨૦/૫૫/ઘ નું બિડાણ)**

## આવકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી............................................ગામ........... ............ તાલુકો ............................ જિ......................ના રહેવાસી છે તેમના કુટુંબની વર્ષ......................ની કુલ વાર્ષિક આવક રૂ.................................. (અંકે રૂપિયા.................................. પૂરા) છે. જેની ખાતરી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ:-　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　સહી:

તારીખ:-　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　સિક્કો:

# પરિશિષ્ટ-૨

**(આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: કમય/૧૦૨૦૨૦/૫૫/ઘ નું બિડાણ)**

## એકરાર નામું

આથી ખાતરીપૂર્વક જણાવું છું કે, મારી પુત્રી/પાલ્યા નામે, ........................................................ ના લગ્ન તારીખ................................ના રોજ થયા છે તેનો હું એકરાર કરું છું.

કન્યાના પિતા/વાલીની સહી અથવા

અંગુઠાનું નિશાન

અરજી સાથે જોડવાના આધાર પુરાવાઓ

(૧) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાનો અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર

(૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર

(૩) કન્યાની જન્મ તારીખનો આધાર

(૪) વરની જન્મ તારીખનો આધાર

(૫) કન્યાના ચૂંટણી ઓળખકાર્ડની, આધારકાર્ડની, રેશન કાર્ડની, ઘરવેરાની પાવતી, વીજળી બીલ પૈકી કોઈ પણ એકની પ્રમાણિત નકલ

(૬) વર કન્યાનો સંયુક્ત કલર ફોટોગ્રાફ

(૭) લગ્નની કંકોત્રી અથવા લગ્ન થયાનો આધાર

(૮) લગ્ન નોંધણી પ્રમાણપત્ર

# પરિશિષ્ટ-3

(આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: કમય/૧૦૨૦૨૦/૫૫/ઘ નું બિડાણ)

## બાંહેધરી પત્રક

અમો નીચે સહી કરના સુ.શ્રી..........................................................................................(કન્યા) અને શ્રી..........................................................................(વર) આથી બાંહેધરી આપીએ છીએ કે આથી બાંહેધરી ગુજરાત સરકારશ્રીની સંતતિ નિયમન અંગેની નીતિનું અમે પાલન કરીશું.

સ્થળ:

તારીખ:

(૧)...........................

કન્યાની સહી

(૨)...........................

વરની સહી

# પરિશિષ્ટ-૪

(આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: કમય/૧૦૨૦૨૦/૫૫/ઘ નું બિડાણ)

**અરજી / સ્થળ ચકાસણી અંગે સંબંધિત કર્મચારી/ અધિકારીશ્રીનો અભિપ્રાય.**

અરજદારની અરજીમાં દર્શાવેલ વિગતોની મે જાતે સ્થળ પર જઇ ચકાસણી કરી ખાત્રી કરેલ છે અને મને અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી જણાયેલ છે. તેથી આ અરજી મંજૂર કરવા ભલામણ છે.

અરજદારની વિગતો

(૧)....................................(૨)....................................(૩)..................................સાચી જણાયેલ નથી. તેમજ..........................................................................કારણોસરઆ અરજી નામંજૂર કરવા ભલામણ છે.

સ્થળઃ

તારીખ

મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી
તાલુકો..................
જિલ્લો..................

# પરિશિષ્ટ-૫

**(આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: કમય/૧૦૨૦૨૦/૫૫/ઘ નું બિડાણ)**

## બાંહેધરી પત્રક

અનુ.જાતિના કુટુંબની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) મેળવવા માટે હું. શ્રી........................................................................ ગામ.......................................તાલુકો.........................જિલ્લો.....................................જાતિ.............. .ઉંમર.............. વર્ષ બાંહેધરી લખી આપું છું કે, મારે .................................... કન્યાઓ (પુત્રીઓ) છે તેમાંથી.......... પુત્રીઓ (કન્યાઓ)ના લગ્ન થયા છે તેમના લગ્ન પ્રસંગે અથવા આ કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય મળી નથી મારી આ પુત્રી નામે........................................................................... ના લગ્ન તા........................... ના રોજ થયા છે. તેના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજનાનો લાભ લીધેલ નથી તેવું ખાતરી પૂર્વક જણાવી બાંહેધરી આપું છું કે,

કુંવરબાઈનું મામેરું યોજનાનો એક જ કુટુંબમાં ગમે તેટલી કન્યાઓ હોય તેમાંથી બે જ કન્યાના લગ્ન પ્રસંગે યોજનાનો લાભ મળે છે તે હું જાણું છું અને આ સહિત બેથી વધારે પુત્રીઓ/કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજનાનો અમોએ લાભ લીધેલ નથી. જો ખોટો એકરાર સાબિત થાય તો સરકારશ્રી મારી સામે છેતરપિંડી અંગે ફોજદારી રાહે પણ પગલાં લઈ શકશે. અને મને મળેલ રોકડ રકમ અને તેના પર થતી વ્યાજની રકમ સહિત પાછી ભરવાની હું આથી લેખિત બાંહેધરી આપું છું.

સ્થળ:

તારીખ:

કન્યાના પિતા/વાલીની સહી અથવા અંગુઠાનું નિશાન:

નોંધ:

(૧) વાલીના એકરાર નામામાં પાલ્ય/ પુત્રી અંગે અનુરૂપ સુધારો કરી બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૨) આ અરજીમાં જરૂરી વિગતો ભરી આધાર પુરાવા સહ સક્ષમ અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

**લાગું ન પડતું છેકી નાખવું.**